સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

મિત્રો-માવિત્રોને કેદ કરાવે છે ખૂરશી!
અને સંબંધોમાં છેદ કરાવે છે ખૂરશી!
ખૂશીઓમાં પણ ખેદ કરાવે છે ખૂશી!
ભાઇ-ભાઇ વચ્ચે ભેદ કરાવે છે ખૂરશી!
(કોળી સમાજના ભાગલા?)

હવાડો ખાલી?!
- કુવામાં હોય તો ને?!
આ ગુણોત્સવ ?!
('બબૂચક' મંડળ)
મંત્રીશ્રીની ભાષા..

છે 'હિંદુસ્તાન'!
આઠસો વર્ષ પછી -
'સંઘ' ને સત્તા..
(સિંઘલ જાહેરાત)

ચિંતન

હિત્વા મદ્ં સમમ સજ્જન સજ્જનો તો વંદે નિતાંત કુટિલ પ્રગુણસ્વ ભાવો ।
એકં ભિયા નિરભિ સંહિતે યેરિ ભાવં પ્રીત્યા પરં પરમ નિર્વૃતિપાત્ર ભૂતમ્ ॥

મારા મદ-અભિમાન-ગૌરવને બાજુ મૂકીને પણ - હું એકી સાથે, દુર્જન અને સજ્જન એવા લોકોને વંદન-પ્રણામ કરું છું. કારણ કે દુર્જન તો સદાને માટે દુષ્ટ અને કુટિલ આચરણ કરનારો જ છે, અને જયારે સજ્જન સદાય, કોઇ પણ પરિસ્થિતિમાં પણ પોતાનો ગુણિયલ સ્વભાવ છોડતો નથી.

એટલે દુર્જનના દુષ્ટ અને વૈરભાવ વાળા સ્વભાવને કારણે તેમના ડરથી હું તેને વંદન કરું છું અને સજ્જન-સંત સ્વભાવ ધરાવતા હોવાને સર્વસુખ અને પ્રેમાળ હોવાને કારણે એમને પ્રણામ કરું છું.'

ટૂંકમાં તુલસીદાસજી કહે છે તેમ સર્વને સિયારામમય જાણીને વંદન કરવા જોઇએ.

સુવિચાર

- નમ્રતા કંઇ બધાના નસીબમાં નથી હોતી, જો તમે નમ્ર હોવ તો ઇશ્વરે તમને ખુશ અને સુખી રહેવા માટે એક મજબુત ગુણ આપ્યો છે. નમ્રતાને નબળી ન પડવા દો, કે નમ્રતાને નબળાઇ ના માનો - માનસ સૂત્ર
- શબ્દમાં અસર પેદા કરવા માટે શબ્દને સંવેદનામાં ઝબોળવા પડે છે - એસ. ભટ્ટાચાર્ય
- શબ્દોની કબર બનાવવી શબ્દોનો બગીચો એ માણસના હાથની વાત છે.. અબોલા એ મૌન નથી, અબોલા એ તો શબ્દ પર ગુજારાતો અત્યાચાર છે - ઝેન કથન
- એ જ વ્યક્તિ જીવનમાં આગળ નીકળે છે, જેમાં હિંમત ખરી, સાથે થોડી ધીર હોય છે, ન ઉશ્કેરાશો જરા પણ અણગમતી વાતોથી, નિંદાને મન શૂરવીરો બધા બધિર હોય છે - કવિ કૃષ્ણકાંત
- જે વ્યક્તિ પોતાની જાત માટે નિયમો નક્કી કરી સંયમીત જીવન જીવે છે એને બીજા કોઇ કાયદાની જરૂર રહેતી નથી - માનસ સૂત્ર
- એવો લપેટાઇ રહ્યો તો જીવ માયાજાળમાં, પાણીમાં જીવન ગયું ને અંતે તરસ્યો નીકળ્યો - આદિલ મન્સૂરી
- મોટાભાગના માણસો આકાશમાં મેઘધનુષ્યની રાહ જોતા હોય છે, પણ ધરતી પર ફેલાયેલા અસંખ્ય રંગો તેમને દેખાતાં નથી - રજનીશ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણે સૌ સંદર્ભ સમજ્યા માનવીઓનું મૂલ્યાંકન કરતા હોઇએ છીએ. એમાં આપણો પોતાનો સ્વભાવ, ટેવો-વિચારદૃષ્ટિ - પૂર્વગ્રહો પણ કામ કરતી હોય છે. માણસને ક્ષણોમાં માપી લેવો કઠિન હોય છે.

વહેલી સવારે સંત હસન દરિયાકાંઠે ગયા ત્યાં એક પુરૂષ એક સ્ત્રીના ખોળામાં ઊંઘતો હતો. બાજુમાં જ દારૂની બોટલ પડી હતી. હસન સમજી ગયો. દૂર જઇ બેઠા.

ત્યાં 'બચાવો' 'બચાવો' ની બૂમો પાડી. સંત તરતાં જાણતા ન હતા એની નજર પેલા પુરૂષ તરફ ગઇ. એ ઉઠ્યો, દોડ્યો અને થોડી જ વારમાં પેલાને બચાવીને કાંઠે લાવ્યો.

સંત હસન તેની પાસે ગયા. ધન્યવાદ આપી પૂછ્યું ભાઇ તું કોણ છો? તને ઓળખવામાં કદાચ મેં ભૂલ કરી છે.

પેલાએ સંતને વંદન કરી કહ્યું, હું ખારવો છું આ મારી મા છે મારી મા દરરોજ સવારે હું સમુદ્ર ખેડીને આવું ત્યારે પાણી લઇ મને લેવા આવે અને હું થાક્યો પાક્યો તેના ખોળામાં સૂઇ જાઉં છું. આ દારૂની બોટલ નથી એમાં પાણી છે.

સંતે મનોમન યુવકને આશીર્વાદ આપ્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

બદલવું, વહેતાં જવું, પરિવર્તન પામતાં રહેવું એ સંસારનો નियम છે, નિયમ કરતાંય એ જ સંસાર છે એવું કહેવું યોગ્ય છે

ચાલ, રિવર્સમાં જઇએ
વિચારયાત્રા

- ડો. જય ઓઝા

(ગતાંકનું ચાલુ)

તણખા ઉડાવીને છરી-ચપ્પાની ધાર કાઢતાં કારીગરો ગયા. મહોલ્લામાં જયારે એ ધાર કાઢનારા આવતાં ત્યારે બાળકો એની ફરતે વીટળાઈ વળતાં અને ધાર કાઢતી વખતે નીકળતાં તણખા ટગર ટગર નિહાળતાં.

ઘરમાં દર કલાકે ટકોરા દેતી ચાવી ભરવી પડે એવી લોલકવાળી ઘડિયાળો ગઇ. એને સ્થાને ક્વાર્ટ્ઝ ઘડિયાળો આવી ગઈ. કેટલાંય ઘરોમાં ઘડિયાળ ઉપરાંત અલાર્મ(હા, એ જ એલારામ!) ઘડિયાળ પણ હતી. હવે મોબાઇલમાં અલાર્મની સગવડ હોવાથી અલાર્મના બાર વાગી ગયા છે. માથામાં બો પટ્ટી એટલે કે રિબીન બાંધેલી કન્યા છેલ્લે ક્યારે જોઈ એ યાદ કરવું હોય તો માથું ખંજવાળવું પડે. રિબીનનું સ્થાન હવે બટરફ્લાયે લઇ લીધું છે.

સાઇકલના જૂના પૈડાંને લાકડીથી હંકારીને હડિયુ કાઢવાની રમતો ગઈ. વેકેશનમાં બાળકોમાં પૈડાંની રેસ લાગતી હતી. ગરિયા એટલે કે ભમરડા, ગિલ્લી-દંડા,ખૂંચામણી અને લખોટીની રમતો પણ હવે બાળકોની વાટ જોઈ રહી છે. પપ્પાના જૂના પાટલૂનમાંથી બનતી થેલીઓ વપરાશમાંથી જવાને આરે છે. ઘરનું શાકભાજી ખરીદવાથી માંડીને બાળકોનાં સ્કૂલનાં દફ્તર સુધી એ થેલીઓ જ રહેતી હતી. થેલીઓ ઘરમાંથી એ રીતે વિલાઇ ગઇ છે જાણે એના પર કોઇએ મેલીવિદ્યા કરી હોય.

સંયુક્ત કુટુંબ હવે વિભક્ત થઈ રહ્યાં છે. ઘરમાં દાદા-દાદી કહેતાં એ વાર્તાની પરંપરા ગઈ. બાળકની કલ્પનાશક્તિના વિકાસ માટે વાર્તા સાંભળવા જેવું અદ્ભુત એજયુકેશન જગતમાં એકેય નથી. સારાં મમ્મી-પપ્પાની વ્યાખ્યા એ પણ છે કે તેમને વિવિધ વાર્તાઓ આવડતી હોય અને એ બાળક થઇને બાળકને કહેતાં આવડતી હોય.

શેરી કે સોસાયટીને નાકે ભેગી મળીને 'તારી, મારી ને માધવની' ચોવટ કરતી મહિલાઓ ગઇ, એકતા કપૂરને પ્રતાપે! બાકી એક તબક્કો હતો કે મહિલાઓ ઓટલે બેસીને ગોસિપની મજા માણતી હતી. હાલમાં જ થયેલા એક સરવેમાં પણ એવું બહાર આવ્યું છે કે ગોસિપ કે ચોવટ કે પંચાત એ સ્વાસ્થ્ય માટે સારી વાત છે. એનાથી દિલ હળવું રહે છે. પણ હવે તો એ ઓટલાપંચાયતો જ નથી રહી.

ગૂંચડાંવાળા વાયર ધરાવતા કાળા ટેલિફોન ગયા. એની સાથે ટ્રીન...ટ્રીનની ઘંટડીઓ ગઇ. એની જગ્યાએ રૂપકડાં અને રણકતાં મોબાઇલ આવી ગયા. મોબાઇલની દુનિયા તો એટલી ઝડપે બદલાઇ રહી છે કે ત્યાં આજે જે છે એ કદાચ કાલે ન પણ હોય. ચાંપ દબાવીને નંબર ડાયલ કરાતાં મોબાઇલ હજી ગઈ કાલની જ ઘટના છે. હવે એની જગ્યાએ સુંવાળા ટચસ્ક્રીન મોબાઇલ આવી ગયા છે.

અમદાવાદમાંથી કાળી-પીળી રિક્ષાઓ ગઈ ને લીલી - પીળી રિક્ષાઓ આવી ગઈ. મુંબઈમાં પણ કાળી-પીળી ટેક્સીઓનું સ્થાન હવે વાદળી-સિલેટિયા રંગની ટેક્સીઓ લઇ રહી છે. ટેક્સી માટે જ જાણે બની હોય એવી એમ્બેસેડર કાર ગઇ. મુંબઈમાં લાલ ડબ્બાની લોકલ ટ્રેનોને માનભેર વિદાય અપાઇ અને તેને સ્થાને ફેન્સી રંગના નવા ડબ્બા આવી ગયા.

જેની નેગેટિવ કાઢવામાં આવતી એ ફોટા અને રોલવાળા કેમેરા ગયા. કેમેરા ડિજિટલ બની ગયા. 'યે લાલ રંગ કબ મુજે છોડેગા...'ની જેમ જે ફોટાની નેગેટિવ ધોવાતી એ લાલ રંગના ડાર્ક રૂમ ગયા.લુના, મોપેડ ગયાં અને તેના નવા ગ્લોસી અવતારનાં દ્વિચક્રી વાહનો આવ્યાં. કમ્પ્યુટરની ફ્લોપી તો એવી રીતે આવી ને ગઇ જાણે આ સકળ જગતમાં તેનું માત્ર હાજરી પુરાવવાનું કર્મ જ બાકી રહી ગયું હોય અને એ પૂરું કરવા આવી હોય.

પોસ્ટકાર્ડ જેટલું ઘર અને કોચમેન અલી ડોસો

ટેલિગ્રામને પણ હમણાં માનભેર વિદાય અપાઈ. વાદળી રંગના આંતરદેશીય પત્રો ઓલવાઇ રહ્યા છે. પોસ્ટકાર્ડ પણ હવે ડગુમગુ ચાલી રહ્યાં છે. પોસ્ટકાર્ડની આખી અજબ દુનિયા છે. ગુજરાતીમાં તો એક નાટકનું નામ જ 'પોસ્ટકાર્ડ જેટલું ઘર' હતું. ઘરમાં પોસ્ટકાર્ડ આવે અને સભ્યો કુતૂહલ અને આનંદથી એ જોવા તૂટી પડે એ દૃશ્યો યાદ આવે છે. ઘરની એક વ્યક્તિ મોટેથી પોસ્ટકાર્ડ વાંચે અને અન્ય સભ્યો શાંતિથી સાંભળે એવાં દૃશ્યોય હજીય સાંભરે છે. કાળી શાહીથી લખાયેલો કાગળ આવે એટલે વાંચ્યા વગર માત્ર જોતાંવેંત જ ઘરના સભ્યોના ચહેરાનો રંગ તરી જાય એવું પણ યાદ આવે છે. કોઈના મરણનો એ અશુભ કાગળ ઘરમાં ન રખાય અને એને ઘરની બહાર મુકાય એ રિવાજ પણ યાદ આવે છે. હવે તો મરણ કે શુભ પ્રસંગનાં એ પોસ્ટકાર્ડ નથી આવતાં. વસવસો એ વાતનો છે કે વિશ્વની મહાન વાર્તાઓમાં જે સામેલ થાય છે એ ધૂમકેતુની કોચમેન અલી ડોસા અને એની દીકરી મરિયમની બેમિસાલ વાર્તા આપણે એ પેઢીનાં છોકરા - છોકરીને કેમ સમજાવી શકીશું જેણે પોસ્ટકાર્ડ જ નહી જોયાં હોય. તમારી આગામી પેઢી ધૂમકેતુની એ મહાન વાર્તાથી વંચિત ન રહી જાય એ માટે પણ ઘરમાં એકાદ પોસ્ટકાર્ડ સાચવી રાખજો. જેથી દશ - પંદર વર્ષે ધૂમકેતુની વાર્તા સમજાવવી સરળ પડે. સ્વામી આનંદે લખેલા 'છોટુકાકાના અસીલો'માં પણ પત્રનો અદ્ભૂત વૈભવ છે. ગુલઝારે લખેલું અને લક્ષ્મીકાન્ત-પ્યારેલાલે સ્વરબદ્ધ કરેલું ફિલ્મ 'પલકોં કી છાંવ મેં'નું ગીત 'ડાકીયા ડાક લાયા...'ની નજાકત પણ પોસ્ટકાર્ડમાં કેવી નિખરી છે. રોટલી ઉલેચવા માટે વપરાતો ચીપિયો પણ લગભગ ડાબે હાથે મુકાવા માંડયો છે. હિન્દી ફિલ્મોના જાણીતા ગીતકાર પ્રસૂન જોશીએ પણ આ સંદર્ભે એક ધ્યાનાર્હ ચિંતા વ્યક્ત કરી હતી. જે રીતે પરંપરાગત શબ્દો બોલવામાંથી લુપ્ત થતા જાય છે એ પ્રત્યે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે નવાં બાળકોને હિન્દીના 'ચિમટા'(એટલે કે ચીપિયો) શબ્દથી એટલાં વાકેફ નથી. જે બાળકોને ચિમટા શબ્દ જ ખબર ન હોય એને મુનશી પ્રેમચંદની મહાન વાર્તા 'ઈદગાહ' કેવી રીતે સમજાશે? એ તેનાં કમનસીબ છે કે એ સંવેદનશીલ વાર્તાથી વંચિત રહે છે.વાર્તા એમ હતી કે એક ગરીબ પરિવારનો પુત્ર મેળામાં જાય છે. તેની મા તેને ગાંઠના સાચવી રાખેલા પૈસામાંથી થોડા દોકડા આપે છે. મેળામાં જઇને એ પુત્ર કંઈ ખાતો નથી કે નથી કોઇ ચકડોળમાં બેસતો કે નથી કોઇ રમકડાં ખરીદતો. તે પોતાની માતા માટે ચીપિયો ખરીદે છે, કારણ કે પુત્ર રોજ જોતો હોય છે કે રોટલી કરતી વખતે ચીપિયો ન હોવાથી તેની માતાના હાથ કેવા દાઝી જાય છે.

... અને છેલ્લે -

ઉપરનું વાંચીને તમે થોડા અતિતરાગી એટલે કે નોસ્ટાલ્જિક થઇ ગયા હોય કે સેન્ટી થઇ ગયા હોય તો એ ભીનાશમાંથી હવે થોડા બહાર આવી જાવ. જૂની ચીજોને માત્ર દુખી થઇને જ થોડી યાદ કરવાની હોય ખુશ થઇને પણ યાદ કરી શકાય.

બદલવું, વહેતાં જવું, પરિવર્તન પામતાં રહેવું એ સંસારનો નિયમ છે. નિયમ કરતાંય એ જ સંસાર છે એવું કહેવું યોગ્ય છે. પોતાનું ગામ કે શહેર છોડીને શહેરમાં વસેલી વ્યક્તિ પણ સમયાંતરે પોતાને ગામ આવે ત્યારે તેને એ સ્થળ ક્રમિક રીતે ફેરફાર પામતું લાગે છે. પૃથ્વીનો કેન્દ્રિય સ્વભાવ ચંચળ છે. તે ફરતી રહે છે. સંસારની લીલા પર પૃથ્વી પર જ ઘટે છે. તેથી બદલાવ એ સંસારનો સ્થાયીભાવ છે.

કેટલીક બાબત આપણા અતિત કે યાદોમાં સચવાયેલી હોય, જેની સાથે આપણા સંભારણાં હોય એનાથી અંતર પડી ગયું હોય કે એ ભૂંસાઇ રહી હોય ત્યારે મનમાં ટીસ ઉઠે છે. એ ટીસ ઉઠવી સ્વાભાવિક છે. એ ટીસ માણસ હોવાની નિશાની છે. સાથે એમ પણ કહેવું રહ્યું કે એ ટીસમાંથી ઉપર ઉઠી જવું. એનાથી મનને સમજણપૂર્વક વારી લેવું એ સવાયા માણસ હોવાની નિશાની છે. તવારિખ એટલે કે ઇતિહાસ કહે છે કે સમય કે સંસાર કોઇ એક કાળ કે સ્થળ પકડીને બેઠા નથી. બદલાવને સ્વસ્થતાપૂર્વક સ્વીકારવો એ સુખી જીવનની નિશાની છે. આપણે પણ ક્યાં પૃથ્વી પર અણનમ આયખું લખાવીને આવ્યા છીએ. આપણી ખુશકિસ્મતી છે કે બદલાવના આ સંક્રમણનો અવસર જોવાનો અને પરખવાનો આપણને મોકો મળ્યો.

મહાન શાયર 'મરીઝ'નો એક શેર છે,

'નવીનતાને ન ઠુકરાવો, નવિનતા પ્રાણપોષક છે.'
જુઓ કુદરત તરફથી પણ શ્વાસ જૂના નથી મળતાં.'

(સંપૂર્ણ)

વિશ્વમાં સહુથી ઝડપથી દોડી શકતા હોય તેવાં પ્રાણીમાં કાળીયાર અગ્રતા ક્રમમાં સ્થાન ધરાવે છે

વનસ્પતિ ઉદ્યાનના ખુણા પાસે હું ઊભો હતો ત્યાં સામે આવેલ બોરડીના ઝુડમાંથી એક કપલને બહાર આવતાં મેં જોયું. તે મારી તરફ જ આવી રહ્યા હતા. નજીક આવતાં જોયું તો મારા પાડોશી વિનોદભાઇ હતા.

'કેમ આજે આ તરફ?'

'બસ એમ જ આજે ફરવા નીકળી પડ્યા' હેમાએ કહ્યું કે બોર ખાવા જઇએ.

'ફિર કાંટા લગા કે નહીં.'

'એ તો લાગે જ ને અહીં કંઇ શબરી થોડી હતી કે ચાખી ચાખીને બોર ખવડાવે' વિનોદભાઇએ હસતાં હસતાં કહ્યું.

'આજે પાર્કમાં મુલાકાતીઓની સંખ્યા કંઇ વધુ દેખાય છે એવું કેમ?'

'આમ તો રવિવાર કે તહેવારોમાં લોકો વધુ આવતાં હોય છે પણ આજે વધારે દેખાય છે તેનું ખાસ કારણ છે?'

'એ શું? હેમાંએ પુછ્યું.'

'તમે અખબારી સમાચારોમાં વાંચ્યુ હશે અને ટી.વી. ચેનલો પર જોયું પણ હશે કે રાજસ્થાનમાં કાળીયારના શિકાર અંગે સલમાનખાન પર મુકદમો દાખલ થયો છે. લોકો એ કાળીયાર કેવું હોય તે જોવા ઉમટી પડ્યા છે.'

'એમ? અમારે ત્યાં કડી તાલુકામાં અને મારા ગામ વિસતપુરામાં કાળીયારની સંખ્યા ખુબ જ છે. ખેડૂતોના લીલા પાકોને કાળીયારો એ સારું એવું ભેલાણ કરીને નુકશાન કર્યાની ફરિયાદો વધવા લાગી છે. જો કે સ્થાનિક લોકો કાળિયાર હરણને રક્ષણ પુરુ પાડતાં એશિયા ખંડમાં રક્ષિત વિસ્તારની બહાર સૌથી વધુ કાળીયારની સંખ્યા ધરાવતો આ અનોખો વિસ્તાર છે.'

'પણ સમાચારોમાં તો કાલે હીરન કા શિકાર... એવું કંઇક બોલે છે.' હેમાંએ કહ્યું.

'હાં કાળીયારને હિન્દીમાં કાલા હિરણ તરીકે ઓળખવામાં આવે છે. કાળિયાર કૃષ્ણ દેવ અને ચંદ્ર દેવનું વાહન ગણાય છે. રાજસ્થાનના જોધપુર પાસેના બિશ્નોઇ સમુદાયના લોકો તેને પવિત્ર માને છે અને ગમે તે ભોગે તેની રક્ષા કરે છે.'

'આપણે ત્યાં કાળીયારનું એક ખાસ અભ્યારણ્ય છે ખરું ને?'

'હા, ખંભાતના અખાતની ભાવનગર જિલ્લા બાજુના દરિયા કાંઠાના 'ભાલ' વિસ્તારમાં ગાંડા બાળવની ઝાડી ઝાંખરા વચ્ચે સંરક્ષિત સપાટ મેદાન સ્વરૂપે વેળાવદર કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન આવેલ છે. એક જમાનામાં આ વિસ્તાર ભાવનગરના રાજવી કુટુંબની માલીકીનો હતો. અહીં ભાવનગરના મહારાજા દ્વારા કાળીયારનું રક્ષણ તેમજ ચિત્તા દ્વારા તેમનો શિકાર કરવામાં આવતો. આથી જે કદાચ અહિંયા વસતા કાળિયારને રજવાડી કાળીયાર 'એન્ટીલોપ સર્વ કેપ્રા રાજપુતાની' તરીકે ઓળખવામાં આવે છે.

'કાળીયારને દૂરથી તો ઘણી વખત જોયાં છે પણ નજીકથી જોયાનો મોકો મળ્યો નથી?' હેમાં કહ્યું.

'તો આજે જોઇ આવો, અહીં ચિત્તલના પાંજરાની બાજુમાં જ રાખવામાં આવ્યાં છે. ચાલો મારે પણ એ તરફ જવું છે.' મેં કહ્યું.

કાળિયારના પાંજરાંની નજીક આવતાં હેમાએ ફરી પ્રશ્ન કર્યો. 'નર અને માદા બંને કાળીયાર અહીં છે. તેમની વચ્ચે શું તફાવત હોય?'

'કાળા અને સફેદ રંગને કારણે તરત ઓળખાઇ જતું આ પ્રાણી ૧૨૦ સે.મી. લાંબુ અને ૬૦ થી ૮૦ સે.મી. જેટલું ઊંચું હોય છે. તેનું શરીર ઉપરના ભાગે ભૂખરું કાળાશ પડતું અને નીચેના ભાગે સફેદ હોય છે. નર ને બે શિંગડા હોય છે. જયારે માદાને શિંગડા હોતાં નથી. વિશ્વમાં સહુથી ઝડપથી દોડી શકતા હોય તેવાં પ્રાણીમાં કાળીયાર અગ્રતા ક્રમમાં સ્થાન ધરાવે છે. ભય જણાય કે તુરંત એક પછી એક કાળીયાર હવામાં કુદકા મારીને ઝડપથી ફ્લાંગો મારતાં મારતાં દોડવા માંડે છે.'

'હા, હા... જો વિનોદ સામે પેલાં કાળીયાર કેવા કુદી રહ્યાં છે.' હેમાએ વિનોદને કુદતાં કાળીયાર બતાવ્યાં.

'મેં ઇન્ટરનેટ પર વાંચેલું કે આ લોકોમાં પૌરાણિક રજવાડી સ્વયંવરોની જેમ સ્વયંવર થાય છે?' વિનોદે પુછ્યું.

'હા, તમારી વાત સાચી છે. મને તો એમ હતું કે તમે કોમ્પ્યુટર એન્જિનિયર છો, તેથી તેમાં જ રચ્યાપચ્યાં રહેતા હશો પણ તમે વાઇલ્ડ લાઇફમાં પણ રસ ધરાવો છો તે સારી વાત છે.'

'એ તો તમારા પાડોશમાં રહેવાથી જેવો સંગ તેવો રંગ' હેમાએ હસતાં હસતાં કહ્યું.

'કાળીયારને અંગ્રેજીમાં બ્લેક કમ' કહેવામાં આવે છે?'

'ઘણા વર્ષો પૂર્વે અમેરિકામાં 'બક' (હરણ) ચામડાનો ઉપયોગ ચલણ તરીકે કરવામાં આવતો હતો. તેથી ડોલરની નોટ માટે 'બક' શબ્દનો ઉપયોગ ઘણીવાર થાય છે. તેથી તેને બ્લેક બક કહેવાય છે.' મેં ચોખવટ કરી.

'તમે પછી પેલી કાળીયારના સ્વયંવરની વાત કરી નહીં એ કઇ રીતે થતો હશે?'

'અહીં પાંજરામાં બંધનાવસ્થામાં તો સ્વયંવરનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત નથી. પણ જંગલ વિસ્તારમાં હોય ત્યાં વર્ષમાં બે વાર સ્વયંવર યોજાતો હોવાનું જણાયું છે. ઉનાળો બેસતાંની સાથે જ તથા ચોમાસું પુરું થયાની સાથે જ કાળીયાર નર પ્રાણીઓ સ્વયંવર મેદાનમાં પોતાની જગ્યા મેળવવાનું શરૂ કરી છે. પોતાની બેસવાની જગ્યાએ તે પોતાની લીંડી (મળ) ની પથારી કરે છે. જેને 'આખળી' કહેવામાં આવે છે. દરેક નર પોતાની આખળીની આજુબાજુનો ચોક્કસ વિસ્તારનું રક્ષણ કરે છે. પોતાની હદ બીજા કોઇ કાળીયાર નર પચાવી ન પાડે તે માટે તે સતત સજાગ અને કાર્યશીલ રહે છે. ઘણી વખત સુંદર કાળીયાર નર મૃગો ૫૦ થી ૭૦ જેટલી સંખ્યામાં એકબીજાથી ચોક્કસ અંતરે ગોઠવાયેલા નજરે પડે છે. સ્વયંવરમાં ભાગ લઇ રહેલા એ કાળીયાર કુંવરો (નરને ગરમીમાં આવેલી માદા કાળીયાર નરમાંથી કોઇ પણને સ્વયં રીતે પસંદ કરે છે. હાલમાં તો પૌરાણિક રજવાડી સ્વયંવરો નથી યોજાતા પણ કેટલીક જાતના પક્ષીઓ જેમકે સુગરી, ચામાચીડિયાઓ, અને હરણો તથા કેટલીક જાતના મૃગમાં સંવનની આ પદ્ધતિ સામાન્ય છે. આ રીતે માદા દ્વારા સ્વયં રીતે પ્રજનન માટે નરની પસંદગી કરવામાં આવે છે. આ પ્રક્રિયાને 'Mute choice by female' કહેવામાં આવે છે. જેનું 'ઇકોલોજીસ્ટ' દ્વારા ખુબ જ મહત્ત્વ આંકવામાં આવે છે.

અમે આ વાતો કરતા હતા ત્યારે હેમાબહેન તો ખુબ જ ધ્યાનપૂર્વક કાળીયારને જોતા હશે. તે અમારી તરફ ફર્યા અને બોલી પડ્યા.

'જો... જો... વિનોદ આ લાંબા, કડીવાળા અણીદાર શિંગડાવાળા છે એ નર કાળીયાર લાગે છે. નર કાળીયારનું માથું ગરદન પીઠનો ભાગ તથા પગના બહારની તરફનો ભાગ કાળા રંગનો છે. ગરદનની નીચેનો ભાગ, પેટનો ભાગ તથા પગની અંદરનો ભાગ સફેદ રંગનો દેખાય છે. કેવો સુંદર છે નહીં?'

'હાં અને પેલી શિંગડાં વગરની છે એ માદા છે. નરના શરીરના જે ભાગ કાળા રંગના હોય છે. તે ભાગ માદામાં આછા કથ્થાઇ રંગના હોય છે. બંનેની આંખોની ફરતે સફેદ રંગની રિંગ હોય છે. પૂંછડી ટૂંકી અને પગની ખરી ચશ્મા જેવી નાની હોય છે. એ રીતે નર માદા દેખાવમાં જુદાં પડે છે.'

'આ લોકોની દિનચર્યા કેવી હોતી હશે?'

'ખુલ્લા વિસ્તારમાં હોય ત્યારે ગરમીની ઋતુમાં સવારે તથા સાંજે વધુ પ્રવૃત્તિમય હોય છે. બપોરે વૃક્ષની છાયામાં આરામ કરે છે. ઠંડીની ઋતુમાં સવાર, બપોર, સાંજ સક્રિય રહે છે. મજબુત નર અન્ય નર સાથે લડાઇ કરીને પ્રભાવી નર તરીકે પુખ્ત માદાઓ અને યુવાનોના ટોળાનું પ્રભુત્વ હાંસલ કરે છે. પુખ્ત પ્રભાવી નર યુવાન અન્ય નરોને હાંકી કાઢે છે. તેથી ફક્ત વાંઢા નરોની ટોળકી પણ ઘણીવખત અલગ ફરતી જોવા મળે છે. વિજેતા પ્રભાવી નર બીજી સંવનની ઋતુ સુધી નેતૃત્વ કરે છે.'

પાંજરામાં નર અને માદાની સાથે બચ્ચાં પણ દેખાય છે. કાળીયારની માદા એક સમયમાં કેટલાં બચ્ચા આપતી હશે?' હેમાએ પુછ્યું. 'માદા એક સમયે એક બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચાંને જન્મ આપ્યા બાદ માદા ફરીથી સંવનન માટે તૈયાર થાય છે. માદા દોઢ વર્ષમાં પુખ્તતા ધારણ કરે છે. જયારે નર ત્રણ વર્ષ પાદ પુખ્ત થાય છે.' મેં કહ્યું.

'ખુલ્લામાં હોય ત્યાં કાળીયારનો શિકાર પણ થતો હશે ખરુંને?' વિનોદે પુછ્યું.

'કાળીયાર તેના માંસ માટે જાણીતું છે. ભારતીય ઉપખંડમાં એક સમયે સૌથી વધુ જોવા મળતું ખરીવાળું આ પ્રાણી ખુબ વધારે શિકાર થવાથી અને ઘાસિયા આવાસના ખેતીવાડીમાં રૂપાંતરિત થવાના કારણે તેની સંખ્યા ખુબ ઘટી જવા પામી છે.'

'વચ્ચે તો અમારા વિસતપુરા બાજુથી તેનું સ્થળાંતર કરવાના પણ પ્રયાસો થયેલા ખરું ને?' વિનોદે જાણવાનો પ્રયત્ન કરતાં પુછ્યું.

'હા આપણે ત્યાં બીજા વિસ્તારો કરતાં ઊલ્ટું છે. આપણા લોકો કાળીયારને પવિત્ર માની તેનું રક્ષણ કરે છે. વળી તેના ભક્ષક એવા માંસાહારી પ્રાણીઓ પણ આપણે ત્યાં ખુલ્લા વિસ્તારમાં બહુ જોવા મળતાં નથી. હાં ક્યારેક વરુ કહે કુતરાઓ દ્વારા તેનો શિકાર થતો હોય છે. છતાં ખાખરિયા ટપ્પા વિસ્તારમાં વસતાં ખેડૂતો મટો એક મોટી સમસ્યા રૂપ છે. તેથી જંગલખાતા દ્વારા તેની સંખ્યામાં ઘટાડો કરવા વિચાર કરવામાં આવેલો.'

'એ વળી કઇ રીતે થઇ શકે?'

'કિંલગ પદ્ધતિ દ્વારા સંખ્યા ઘટાડવાનું, સ્થળાંતર કે કોઇ જૈવિક પદ્ધતિ દ્વારા એમ થઇ શકે. પરંતુ ધાર્મિક લાગણીઓ, રાજનૈતિક સમસ્યાઓ અને લોકોની સમસ્યાઓને ધ્યાનમાં લઇ સ્થળાંતર કરવાનું નક્કી કરવામાં આવેલ.'

'તે વખતે કાળીયારને પકડીને અહીં હરણોદ્યાનમાં લાવેલા ખરું ને?' તે બચી શક્યાં હતાં ખરાં

'ના, તેથી જ પછી સ્થળાંતર બંધ રાખવામાં આવેલું.' મેં કહ્યું.

'સલમાન વાલા હીરન... સલમાન વાલા હીરન...' કરતું બાળકોનું એક ટોળું પાંજરામાં રહેલ કાળીયારને કુતૂહલથી જોતું હતું. અમે ત્રણે તેમને જોઇ રહ્યાં...

(ક્રમશઃ)

વાહ રે પ્રામાણિકતા !!

પડોશના ઘરમાં દીવો સળગતો જઇને માણસને સહજ થાય કે મારા ઘરમાં પણ આવો દીવો સળગવો જોઇએ. પરંતુ પડોશનો દીવો તો તેના ઘરમાં આવી શકતો નથી. હા, તે દીવાનો પ્રકાશ તમે જોઇ શકો છો અને તે દીવાના પ્રકાશથી તમારા ઘરમાં અંધારુ છે તેની માણસને પ્રતીતિ થાય છે.

અંધારુ છે - એ સમજણ માટે પ્રકાશ હોવો જરૂરી નથી? તે સિવાય અંધારું છે તે ખબર કેમ પડે?

બુદ્ધ, મહાવીર, ઇસુ કે રામ, કૃષ્ણ એ બધાનાં પ્રકાશિત જીવન જોયા પછી આપણને ખબર પડે કે આપણા જીવનમાં કેવું અંધારું છે?

તો માનવી એવું શું કરે કે તેના મનમંદિરમાં પણ દીવો પ્રજ્જવલિત થાય. તેના પ્રકાશથી તેના જીવનનું અંધારુ દૂર થાય?

તે માટે સહુ પ્રથમ આવશ્યકતા છે પ્રામાણિકતાની. પરંતુ જેના જીવનમાં દેખાડા તરીકે પ્રામાણિકતા છે, પણ અંદરથી અપ્રામાણિકતા હોય તેના જીવનમાં દીપ પ્રજ્જવલીત શી રીતે થાય? તેના જીવનનું અંધારુ કદી દૂર થાય ખરું?

આવી ઘટના વિચારવા જેવી છે. એક ગામના કેટલાક મુસાફરો નાવડીમાં નદી પાર કરી રહ્યા હતા. ત્યારે એકાએક ભયંકર વાવાઝોડાના લીધે નાવડી હાલકડોલક થવા લાગી. તો નાવડીમાં બેઠેલા એક મુસાફરે ભગવાનને પ્રાર્થના કરી કે, "ભગવાન હું બચી જાઉં તો મારો બંગલો છે તે વેચી તે રકમ ગરીબોમાં વહેંચીશ." તો સહપ્રવાસીઓને લાગ્યું આ કંજૂસ માણસ તેનો બંગલો વેચી ગરીબોને દાન આપે તે વાતમાં કાંઇ દમ નથી. પણ જોગાનુજોગ વાવાઝોડું શાંત થઇ ગયું. નાવડી કિનારે પહોંચી. બધા સહીસલામત કિનારે ઉતર્યા.

પરંતુ પેલા માણસને મનમાં ચટપટી હતી કે હું શું કરું? બંગલો ન વેચું તો ગામમાં બેઆબરુ થવું પડે અને વેચું તો પછી મારું શું થાય? પણ તે બુદ્ધિશાળી હતો. તેણે ગામમાં ઢંઢેરો પીટાવી તેના બંગલાનું લીલામ કરવાની જાહેરાત કરી. પરંતુ તેણે બંગલામાં એક બિલાડી બાંધી હતી અને બિલાડીની સાથે જ તેને બંગલો વેચવો હતો. લીલામમાં તેણે જાહેર કર્યું કે બિલાડીની કિંમત પાંચ લાખ રૂપિયા અને બંગલાની કિંમત એક રૂપિયો.

**બધ